જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૨/૨૦૧૯ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૦૪/૧૯**

## અમદાવાદ શહેર ખાતે નજીર વોરા ઉપર ફાયરીંગ કરી હત્યાની કોશીશ કરનાર રાજસ્થાન ના કુખ્યાત આરોપી નરેન્દ્ર પાનેરીની ધરપકડ કરતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ,

અમદાવાદ શહેર જુહાપુરા વિસ્તારમા સોનલ સિનેમાની બાજુમાં રહેતા નજીરમોહંમદ અલીમોહંમદ વોરા ઘણાં સમયથી ઉપરોકત જગ્યાએ રહે છે અને “જોયા કન્સ્ટ્રકશન” નામથી ઓફીસ ધરાવી બિલ્ડીંગ કન્સ્ટ્રકશન નું કામ કરે છે. ગઇ તા.17/6/2018 ના રોજ નજીરમોહંમદ વોરા તેમના વોચમેન કરીમભાઇ ની સાથે એક્સેસ સ્કુટર લઇ નમાજ પઢવા બાગે નિશાત સોસાયટીમાં આવેલ અલ-અમીન મસ્જીદ ખાતે જવા સવારના સાડા પાંચેક વાગ્યાના સુમારે નીકળેલ હતા. દરમ્યાન રસ્તામાં એક હુન્ડાઇ વર્ના કાર જેના ઉપર કોઇ આર.ટી.ઓ. નંબર લખેલ ન હતો તે વર્ના કાર ના ચાલકે પોતાના કબ્જાની કારથી નજીરમોહંમદ વોરા ની એક્સેસ સ્કુટર ને ટક્કર મારી નજીરમોહંમદ વોરા તથા કરીમભાઇ ને નીચે પાડી દિધેલ ત્યારબાદ વર્ના કારમાંથી ત્રણેક ઇસમો નીચે ઉતરેલ જેઓએ મોઢા ઉપર રૂમાલ બાંધેલ હતા. તે ઇસમોએ નજીરમોહંમદ વોરા ઉપર અંધાધુધ ફાયરીંગ કરી નજીર વોરાની હત્યા કરી નાખવા પ્રયાસ કરેલ હતો. પરંતુ નજીર વોરા પડી જતાં નજીકના ફ્લેટની ગલીમા જતો રહેલ અને આરોપીઓ ફાઇરીંગ કરી વર્ના કાર લઇ નાસી ગયેલ હતા. જે સબંધે નજીર વોરાએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપતાં વેજલપુર પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.83/18 ઇ.પી.કો. કલમ 307 વિગેરે મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ.

આ ગુન્હાની પ્રથમ તપાસ વેજલપુર પોલીસ સ્ટેશન તરફથી ચલાવવામાં આવેલ હતી. બાદ ગુન્હાની ગંભીરતા જોતાં ઉચ્ચ પોલીસ અધિકારીશ્રી નાઓની સુચનાથી આ ગુન્હાની વધુ તપાસ અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ તરફથી સંભાળી લેવામાં આવેલ છે.

આ કામે ફાઇરીંગ કરનાર ઇસમ નરેન્દ્ર પાનેરીને ટ્રાન્સફર વોરંટ આધારે ઉદેપુર જેલ માથી લાવી પુછ પરછ કરતા નજીર વોરા સાથે ની અંગત અદાવતના લીધે મુસ્તુફા ઉર્ફે લાલા વોરાએ નજીર વોરાને મારી નાખવાના ઇરાદા સાથે પકડાયેલ આરોપી નરેન્દ્ર પાનેરી અને મુરલી જોષી બન્ને રહેવાસી. ઉદેપુર વાળાને સોપારી આપી ખુન કરવાનુ ષડયંત્ર રચેલ હતુ જે ષડયંત્ર મા બીજા સ્થાનિક ઇસમો પણ સામેલ છે જેના નામ તપાસના હીતમા જાહેર કરેલ નથી. આ ગુનામા મુખ્ય કાવત્રાબાજ મુસ્તુફા ઉર્ફે લાલા વોરાએ ઉપરોકત બે ઇસમો સાથે ગુનો બન્યાના બે મહીના અગાઉથી નજીર વોરાની રેકી કરતા હતા અને પોતાની યોજના નિષ્ફળ ન જાય તે સારુ અમદાવાદ શહેરથી બહાર મહેસાણા, આણંદ, ભરુચ, વિગેરે જગ્યાએ અલગ અલગ હોટલોમા રોકાતા હતા પરંતુ તેઓને ગુનો આચરવા માટે કોઇ મોકો મળતો ન હતો અને

ત્યારબાદ નજીર વોરા ઉમરાહ કરવા જતો રહેલો અને એક મહીના પછી પરત આવ્યાના બીજા દિવસે નજીર વોરા ઉપર ફાઇરીંગ કરેલ જેમા નજીર વોરા બચી ગયેલ.

આ કામે ફાઇરીંગ મા ઉપયોગમા લીધેલ હથીયારો, વાહન, તથા ષડયંત્રમા સામેલ બીજા સ્થાનિક ઇસમો અંગે આગળની તપાસ ચાલુ છે

<u>આરોપીઓનો પુર્વ ઇતિહાસ</u>

મુસ્તુફા @ લાલા ગુન્હાહિત ભુતકાળ ધરાવે છે, એક ટેક્ષી ડ્રાઇવર ની હત્યાના કેસમાં તે રાજસ્થાન ઉદેપુર જેલમાં બંધ હતો તે વખતે તેની ઓળખાણ નરેન્દ્ર માંગીલાલ પાનેરી રહે, ઉદેપુર રાજસ્થાન સાથે થયેલ હતી. આ ઉપરાંત મુસ્તુફા @ લાલાએ રસુલ ઘાંચીના નામના ઇસમની હત્યા કરેલ છે.

આ ગુન્હામાં ધરપકડ કરેલ આરોપી નરેન્દ્ર માંગીલાલ પાનેરી રાજસ્થાનનો કુખ્યાત ગુન્હેગાર છે. જેના વિરૂધ્ધ હત્યાના – 2 ગુન્હા તેમજ હત્યાની કોશીશ, અપહરણ, ખંડણી, પેટ્રોલપંપ લુંટ, ધાડ પાડવાની તૈયારી કરવી, ગેરકાયદેસર હથિયાર રાખવા તથા હેરાફેરી કરવી વિગેરે ગંભીર પ્રકારના ગુન્હા રાજસ્થાનના ઉદેપુર શહેર તથા જુદા જુદા જીલ્લામાં મળી કુલ-25 જેટલા ગુન્હા દાખલ થયેલ છે.

<u>શાહપુર પોલીસ સ્ટેશન :</u>

<u>ગણતરીના કલાકોમાં આરોપીઓને ચોરીના મુદ્દામાલ સાથે પકડી પાડતી શાહપુર પોલીસ</u>

મે, શાહપુર સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.કે.અમીન સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પોલીસ સબ ઈન્સ્પેક્ટર સાહેબ શ્રી આર. બી. વાઘેલા તથા સાથેના સ્ટાફના મ.સ.ઈ. રણજીતસિંહ તખતસિંહ તથા મ.સ.ઈ. ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ તથા અ.હે.કો. શક્તાભાઈ જકશીભાઈ તથા પો.કો. રણછોડભાઈ ધુધાભાઈ તથા પો.કો. અતુલકુમાર જયેન્દ્રભાઈ તથા પો.કો. જીતેશભઈ રમેશભાઈ તથા પો.કો. યુનુશખાન મુનાવરખાન તથા પો.કો. પ્રિયવદન મનુભાઈ તથા પો.કો. અક્ષયકુમાર દરશથલાલ તથા પો.કો. દિપક બાબુભાઈ તથા પો.કો. દિપકસિંહ ઉદેસિંહ તથા વુ.પો.કો. શારદાબેન રઘુભાઈ તથા વુ.પો.કો. રમીલાબેન ભીખાભાઈ વિગેરે સ્ટાફના માણસો સાથે શાહપુર પો. સ્ટે. ફ.ગુ.ર.નં.-૦૪/૨૦૧૯ ધી ઈ.પી.કો. કલમ-૩૭૯, ૧૧૪ મુજબના કામે ચોર મુદ્દામ માણસની તપાસમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકિકત મળતા સદર આરોપીઓ ને તા.-30/0૧/૨0૧૯ ના ક.૨3/00 વાગ્યે ચોરીમાં ગયેલ મુદ્દામાલ L.G. કંપનીનુ ગ્રે કલરનુ વોશીંગમશીન જેની આશરે કિં. રૂ.૧૦,000/- તથા બીજુ એક L.G. કંપનીનુ મરૂણ કલરનુ વોશીંગમશીન જેની આશરે કિં. રૂ. ૧૦,000/- તથા એક સેમસંગ કંપનીનુ વોશીંગમશીન જેની આશરે કિં.રૂ.૧0000/- તથા આઉટડોર એ.સી. નો પંખો કિં. રૂ.૭000/- તથા ઓટોરીક્ષા નં.-**GJ-01-TD-2125** ની જેની આશરે કિં. રૂ.૭0000/- તથા એક સેમસંગ કંપનીનો સાદો મો. ફોન કિં. રૂ.૫00/- મળી કુલ્લે કિં. રૂ.૧,0૭,૫00/- ના મુદામાલ સાથે મળી આવતા પકડી અટક કરી ગણતરીના કલાકોમાં ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.-30/0૧/૨0૧૯.

## ચોરીના ગુનાનો આરોપી પકડી પકડી ગુનાનો ભેદ ઉકેલતો શહેરકોટડા સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.ડી.વાળા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એ.ડી.ચાવડા તથા અનાર્મ હેડ કોન્સ. મહેન્દ્રસિંહ રઘુનાથસિંહ પો.કો. જલાભાઇ પીરાભાઇ તથા અ.લો.ર. પરેશ વાલજીભાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં ફરતા ફરતા પ્રેમનગર મહાકાળીનગર મેમ્કો પાસે આવતા સાથેના અ.પો.કો. જલાભાઇ પીરાભાઇ તથા અ.લો.ર. પરેશ વાલજીભાઇ નાઓએ સયુંકત બાતમી હકીકત આપેલ કે શહેરકોટડા પોસ્ટે ફ.ગુ.ર.નં.-૫૩/૧૯ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામના બનાવવાળી જગ્યાના સી.સી.ટી.વી ફુટેજ આધારે આધારે આરોપી અમીત હરેશભાઈ તમંચે ઉર્ફે સીંધી ઉ.વ.૨૨ રહે-સીંગલ ચાલી છારાનગર કુબેરનગર અમદાવાદ શહેર સદરી ઇસમને પકડી અટક કરી આગળની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ. પી.વી.ઘોકડીયા નાઓ ચલાવી રહેલ છે.

## ચોરીના ગુનાનો આરોપી પકડી પકડી ગુનાનો ભેદ ઉકેલતો શહેરકોટડા સર્વેલન્સ સ્કોડ

### પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

સંયુક્ત પોલીસ કમિ.શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ શ્રીની સુચના થી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૩ આર.એફ.સંગાડા સાહેબ તથા એ.સી.પી. શ્રી બળદેવ દેસાઈ સાહેબ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનના સીની.પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી વી.ડી.વાળા નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. એ.ડી.ચાવડા તથા અ.હે.કો રામસિંહ જુજારસિંહ તથા. હેકો અનિલભાઇ સોનજીભાઇ તથા પોકો હસમુખભાઇ કાનજીભાઇ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં ફરતા ફરતા બાપાલાલ કડીયાની ચાલી પાસે આવતા હેકો અનિલભાઇ સોનજીભાઇ નાઓની બાતમી હકિકત આધારે આરોપી કમલેશ ઉર્ફે છોટુ સ/ઓ અશોકભાઈ શકરાભાઈ દંતાણી નાને ચોરીના મોફોન સાથે પકડી પાડી શહેરકોટડા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૦૭/૨૦૧૯ ઇપીકો કલમ ૩૭૯ મુજબના વણ શોધાયેલ ગુનાનો ભેદ ઉકેલી આગળની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ. એ.ડી.ચાવડા નાઓ ચલાવી રહેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.